મહત્વાકાંક્ષી જીલ્લાઓ (Aspirational Districts)ના કાર્યક્રમના અમલીકરણ અંતર્ગત દાહોદ અને નર્મદા જીલ્લામાં ધોરણ ૬થી ૮ના વિદ્યાસહાયકોની ખાસ સીધી ભરતી કરવાની મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૮/સીંગલફાઇલ-૧૫/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૧૦/૧૦/૨૦૧૮

વંચાણે લીધા-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૧૮/૦૯/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૮/સીંગલફાઇલ-૧૫/ક

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની સીંગલ ફાઇલ ક્રમાંકઃ પ્રાશિનિ/ક/નીતિ/ ૨૦૧૮/૨૧ ઉપરની તારીખ ૦૧/૧૦/૨૦૧૮ની નોંધ

સુધારા ઠરાવઃ

ભારત સરકારના નીતિ આયોગ તરફથી બહાર પાડવામાં આવેલી મહત્વાકાંક્ષી જીલ્લાઓ(Aspirational Districts)ની યોજનાના અમલીકરણ અંતર્ગત ધોરણ ૬થી ૮ના વિદ્યાસહાયકો માટે નિયત કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોથી ધોરણ ૬થી ૮ના વિદ્યાસહાયકોની ખાસ ભરતી કરવાના હેતુસર દાહોદ જીલ્લામાં ધોરણ ૬થી ૮ના ૫૩૮ વિદ્યાસહાયકોની અને નર્મદા જીલ્લામાં ધોરણ ૬થી ૮ના ૫૪ વિદ્યાસહાયકો, એમ બંને જીલ્લા માટે મળીને ધોરણ ૬થી ૮ના કુલ ૫૯૨ વિદ્યાસહાયકોની ખાસ સીધી ભરતી કરવા આમુખના વંચાણે લીધેલ ક્રમાંક:(૧) ઉપરના આ વિભાગના તારીખ ૧૮/૦૯/૨૦૧૮ના સમાનાંકી ઠરાવથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે. તે ઠરાવના ફકરા ક્રમાંકઃ ૩ પછી નીચે મુજબના ફકરા ક્રમાંકઃ ૪ અને ૫ ઉમેરવામાં આવે છે.

૪. ઉક્ત ભરતી મહત્વાકાંક્ષી જીલ્લાઓ(Aspirational Districts)ના કાર્યક્રમના અમલીકરણ માટે ખાસ સીધી ભરતી કરવાની હોઇ, દાહોદ અને નર્મદા જીલ્લાઓમાં સીધી ભરતીથી નિમણુંક પામનાર વિદ્યાસહાયકો જે તે શાળામાં નિમણુક પામ્યા બાદ ૧૦ વર્ષ સુધી બદલી કરવા માટેની માંગણી કરી શકશે નહીં. આ વિભાગના તારીખ ૦૫/૦૭/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક મુજબ નિયત કરેલ જોગવાઇઓનો લાભ લેવા માટે જીલ્લાના અન્ય તાલુકામાં કે જીલ્લા ફેરબદલી માટે નિમણુંકની તારીખથી ૧૦ વર્ષ સુધી જે તે વિદ્યાસહાયક/શિક્ષક બદલી માટે માંગણી કરી શકશે નહીં તે મુજબનો ઉલ્લેખ સીધી ભરતીની જાહેરાતમાં તથા સફળ ઉમેદવારોની નિમણુંકોના આદેશોમાં કરવાનો રહેશે.

(પૃષ્ઠ ૨ ઉપર ચાલુ..)

૫. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા આ જગ્યાઓ ઉપર પસંદ થયેલા ઉમેદવારોને જે તે જીલ્લામાં નિમણૂંક આપતી વખતે સંબંધિત જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને નીચે દર્શાવેલ ક્રમ મુજબની અગ્રતા આપવા માટે સૂચનાઓ આપવાની રહેશે.

(૧) શિક્ષક વિનાની કોઇ જ શાળા ન રહે તે જોવું.

(૨) એક શિક્ષકવાળી શાળામાં બીજા એક શિક્ષકની નિમણૂંક કરવી.

(૩) જે શાળામાં મંજુર મહેકમના ૧૦ ટકા કરતાં વધુ જગ્યાઓ ખાલી હોય તેવી શાળાઓમાં પ્રથમ નિમણૂંક આપવી.

૬. આમુખના વંચાણે લીધેલ ક્રમાંક:(૧) ઉપરના આ વિભાગના તારીખ ૧૮/૦૯/૨૦૧૮ના સમાનાંકી ઠરાવની અન્ય વિગતો યથાવત રહે છે.

૭. આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૦૬/૦૯/૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ડી. મકવાણા)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી( પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ક.ગ.)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર નં. ૧૭, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર મુકવાની વિનંતી સહ.)
- સિલેક્ટ ફાઈલ